જીલ્લા શિક્ષણ સમિતિઓ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૫/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૮/૦૩/૨૦૧૯

વંચાણમાં લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૪/૯૭ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/ક.
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧/૬/૯૮ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૦૯૬/૧૦૨૭(૯૮)/ક.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૪/૧૧ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક.

આમુખ:-

રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિઓ તથા નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં મોટા પ્રમાણમાં ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે ફિક્સ્ડ પગારથી નિયત સમયગાળા માટે ભરતી કરવા વંચાણમાં લીધેલ ક્રમ ૧ અને ૨ સામેના ઠરાવોથી નીતિ નક્કી કરેલ હતી. વંચાણમાં લીધેલ ક્રમ ૩ સામેના ઠરાવથી આર.ટી.ઇ. એક્ટ ૨૦૦૯ ની જોગવાઇ અન્વયે ધોરણ ૧ થી ૫ પ્રાથમિક વિભાગ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગ તરીકે નક્કી કરીને તે મુજબ વિદ્યાસહાયક તરીકે ભરતી કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ યોજના હેઠળ નિમણૂક મેળવેલ વિદ્યાસહાયકોને માસિક ઉચ્ચક ફિક્સ્ડ પગાર વખતો વખત સુધાર્યા મુજબ આપવામાં આવે છે. યોજના અન્વયે ફિક્સ્ડ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરે ત્યારે નિમણૂક અંગેની તમામ શરતો સંતોષાતી હોય તેવા વિદ્યાસહાયકોને ધોરણ ૧ થી ૫ માં પ્રાથમિક શિક્ષક તરીકે અને ધોરણ ૬ થી ૮ માં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. આવી રીતે સમાવવામાં આવતા વિદ્યાસહાયકોનો ફિક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો કોઇપણ સેવાવિષયક હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

આવી રીતે નિયમિત થયેલા શિક્ષકોની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી. આ વિષય ઉપર વિચારણા કરવા માટે સરકારશ્રી દ્વારા માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પદે માન. શિક્ષણમંત્રીશ્રી અને માન. કૃષિ મંત્રીશ્રીની બનેલી સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ સમક્ષ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રતિનિધિઓએ કરેલ રજુઆતો તથા તા. ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ માન. મંત્રીશ્રીઓની સમિતિ સાથે થયેલ પરામર્શ બાદ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આપેલ સંમતિને અનુલક્ષીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે, વંચાણમાં લીધેલ ક્રમ ૧ થી ૩ સામેના ઠરાવોની જોગવાઇઓ અને શરતો હેઠળ નિમણૂક પામેલ વિદ્યાસહાયકોની ઉચ્ચક પગાર એટલે કે ફિક્સ્ડ પગારના સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃતિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો માટે નીચેની શરતોને આધિન રહીને સેવા તરીકે ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | આવી ફીક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે. |
| (૨) | આ ફીક્સ્ડ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતા પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ પ્રકારનો તફાવત [એરીયર્સ] રોકડમાં કે અન્ય કોઇપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત, તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઇ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં. |
| (૩) | આ ફીક્સ્ડ પગારની સેવાના સમયગાળા માટે કોઇપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં. |
| (૪) | જે પ્રાથમિક શિક્ષકોને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે પ્રાથમિક શિક્ષકો નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત, ફીક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પાડેલ પેન્શન યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. |
| (૫) | આ ઠરાવ અન્વયે ચૂકવવાપાત્ર લાભ તારીખ ૦૧/૦૪/૨૦૧૯ થી મળવાપાત્ર થશે. |

આ ઠરાવ શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગ અને સરકારશ્રીની તા. ૦૮/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિજયસિંહ મંડોરા)
સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી,, ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય દંડકશ્રી/નાયબ મુખ્ય દંડકશ્રી/દંડકશ્રીના અંગત સચિવશ્રી,, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, ૧, સરદાર ભવન, પાંચમો માળ, ગાંધીનગર.
- રાજ્ય મુખ્ય માહિતી કમિશ્નરશ્રીના સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર : ૧૦-બી, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઈકોર્ટ , અમદાવાદ.
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી / સર્વે જિલ્લા કલેકટરશ્રી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, 'ચાણક્ય' ભવન, સેકટર-૧૩, ગાંધીનગર.
- કમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ GSWAN અને શિક્ષણ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઇલ.

❖ (પત્ર દ્વારા)